# ટોલ બર્ડના ફાર્મમાં ટેનિસ બોલ સાથે ઇમુનું ઇલુ-ઇલુ





ભાસ્કર ન્યૂઝ. કોયલી

વડોદરા નજીકના કોયલી ગામ પાસે ટોલ બર્ડ ફાર્મની બાજુ એટલે કે ઈમુ પક્ષીનું ફાર્મ આવેલું છે. ત્યાં ૩૦૦ જેટલી ઈમુની જોડીઓ મસ્તીથી રહે છે. ઈમુ મૂળ ઓસ્ટ્રેલિયન પક્ષી છે. પણ હવે તે ભારતમાં પણ સારી રીતે ઉછરી રહ્યાં છે. હાલમાં આ ફાર્મની મુલાકાત લેતાં ત્યાં આ મહાકાય પક્ષીઓ મસ્તીથી ટેનિસ બોલથી રમી રહ્યાં હતાં આ દૃશ્ય જોઈ ભલભલા પક્ષીપ્રેમીઓ ખુશ થઈ જાય. આમ તો આ ઈમુ પક્ષીમાંથી એક સ્પેશિયલ પ્રકારનું ઓઈલ પ્રાપ્ત થાય છે. જેનો દવા અને કોસ્મેટિક્સ બનાવવામાં ઉપયોગ થાય છે. હાલ સુધી મોટા દેશો આ ઓઈલ ઓસ્ટ્રેલિયાથી મોટી કિંમત ચૂકવી મગાવતા હોય છે. હવે ભારત પણ આ ઓઈલ એક્સપોર્ટ કરવાની તૈયારી કરી રહ્યું છે.

આ ઈમુનું ફાર્મિંગ કરતાં વિનયભાઈ શાહ જોડે વાતચીત કરતાં જાણવા મળ્યું કે, હાલમાં યુકે, યુએસ અને ભારતની ઘણી કંપનીઓમાં આ ઓઈલના સેમ્પલ તેમણે મોકલાવેલ છે. હાલ ગુજરાતમાં ૨૦ થી ૧૦૦ જેટલા ફાર્મ વિવિધ સ્થળે આવેલાં છે.